ખાનગી બસ/મેટાડોર પ્રવેશબંધી અંગેનું જાહેરનામુ.

(1)

ક્રમાંક:રાજ/સીપી/એલબી-૪/૭૦૮/૯૬

પોલીસ કમીશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ.
તારીખ. ૪-૬-૧૯૯૬.

:- જાહેરનામુ -:

રાજકોટ શહેરમાં સેન્ટ્રલ બસ સ્ટેશનની આજુબાજુના વિસ્તારોમાં ભાડાથી ચાલતી ખાનગી બસ, ભાડાથી ચાલતી ખાનગી મીની બસ તથા ભાડાથી ચાલતી ખાનગી મેટાડોર વિગેરે વાહનવાળા મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરી કરતાં હોવાનું માલુમ પડેલ છે. તથા વાહનો અવ્યવસ્થિત પાર્કીંગ કરવાને કારણે ટ્રાફીક સમસ્યાઓ ઉભી થાય છે. આ સમસ્યાઓ નિવારવા માટે આ વિસ્તારમાં ઉપર જણાવેલ વાહનોની 'પ્રવેશબંધી'. કરવા માટે અત્રેના ક્રમાંક:રાજ/સીપી/એલબી-૪/૨૫૦/૯૬ તા.૭-૨-૯૬ થી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાના વાંધા, સુચનો માંગવામાં આવેલ હતા. આ અંગે સમય મર્યાદામાં વાંધા સુચનો લક્ષમાં લઈને નીચે પ્રમાણે આખરી હુકમ કરવામાં આવે છે.

સબબ હું ચિતરંજનસિંઘ, પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર અમોને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બ) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં ભાડાથી ચાલતા ખાનગી બસ, ભાડાથી ચાલતી ખાનગી મીની બસ તથા ભાડાથી ચાલતી ખાનગી મેટાડોર વિગેરે વાહનો માટે ''પ્રવેશબંધી'' જાહેર કરુ છુ.

(૧) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કોર્પોરેશન ચોક સુધીનો ઢેબરરોડ.
(૨) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કાન્તા વિકાસ ગૃહ સુધીનો ઢેબરરોડ.
(૩) સેન્ટ્રલ બસ સ્ટેશનથી લોધાવાડ ચોક.
(૪) સેન્ટ્રલ બસ સ્ટેશનની પાછળ આવેલ કરણપરા શેરી નંબર- ૨૮, ૨૯, ૩૦, ૩૭, ૩૮ તથા કરણપરા ચોક.
(૫) સેન્ટ્રલ બસ સ્ટેશન પાછળ અલકાર ગેસ્ટહાઉસથી કેનાલ રોડ સુધીનો કનકરોડ.

ઈન્વર્ડ નં. ૧૦૨૭
તારીખ ૧૦/૬/૯૬
પોલીસ ઈન્સ. કચેરી,
ટ્રાફીક શાખા-રાજકોટ સીટી

સેન્ટ્રલ બસ સ્ટેન્ડ

(૬) કરણસિંહજી રોડ કે જે કરણસિંહજી હાઈસ્કુલથી શરૂ કેનાલરોડ કાપડમીલ પુરી થાય ત્યા સુધી.

અ પ વા દ

નીચે મુજબના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહિ. સરકારી વાહનો તેમજ પબ્લીકની સુખાકારી અને સરકારી એજન્સી મારફત ચલાવવામાં આવતાં વાહનો.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૦-૬-૬૬ કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજરોજ તા. ૪-૬-૬૬ ના રોજ મારી સહી તથા સીકકા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

(ચિતરંજન સિંઘ)
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

નકલ જયભારત રવાના :-

૧. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, રાજકોટ.
૨. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ જીલ્લો.
૩. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૪. સંયુકતમાહિતી નિયામકશ્રી, રાજકોટ. (૭ નકલમાં) સ્થાનિકવર્તમાનપત્રોમાં સમાચાર તરીકે પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
૫. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ. આ જાહેરનામા પ્રસિધ્ધ ગેઝેટમાં કરાવી અને ગેઝેટની નકલો અમારી કચેરીની લાયસન્સ શાખામાં મોકલવા માટે.
૬. કમીશ્નરશ્રી, રાજકોટ મ્યુની. કોર્પો. રાજકોટ.
૭. સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૮. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૯. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ.
૧૦. મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૧૧. તમામ પોલીસ ઈન્સ.શ્રી, પુર્વ/પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.

(1)

ક્રમાંક:રાજ/સીપી/એલ.બી/૨/૧૦૬૪/૯૦.

પોલીસ કમીશ્નર કચેરી,
રાજકોટશહેર, રાજકોટ.
તા: ૬/૭/૧૯૯૦.

જા હે ર ના મુ ::-

રાજકોટશહેરના સેન્ટ્રલ બસ સ્ટેન્ડની આજુબાજુના વિસ્તારમા કેટલાક ખાનગી બસો, પીકઅપવાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડો રીક્ષા, પ્રાઈવેટ કાર વિગેરે વાહનના માલીકો મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરી કરતાં હોવાનુ માલુમ પડેલ છે. આ પ્રવૃતી અટકાવવા નીચેના વિસ્તારને ઉપર જણાવ્યા મુજબનાં વાહનો માટે 'નો-પાર્કીંગ' ઝોન જાહેર કરવા આ કચેરીથી નોટીસ નંબર રાજ/સીપી/એલ.બી/૨/ટ્રાફીક/૧૦૬૬/૮૯, તા:૯-૮-૮૯ થી જાહેર જનતાના વાંધા સુચનો માંગવામાં આવેલ હતાં. આ અંગે સમય મર્યાદામાં મેળેલ વાંધા સુચનો તપાસી નીચે પ્રમાણે આખરી હુકમ કરુ છું.

હું, કે.ચક્રવર્તી, આઈ.પી.એસ., પોલીસ કમીશ્નર, રાજકોટશહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને.૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ ૩૩(૧)(બી) થી મેળેલ સત્તાની રુએ આથી ફરમાવુ છુ કે રાજકોટશહેરનાં સેન્ટ્રલ બસ સ્ટેન્ડ આસપાસનાં નીચે જણાવ્યા વિસ્તારમાં મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરી કરતી ખાનગી બસો, પીકઅપવાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડો રીક્ષા, પ્રાઈવેટ કાર વિગેરે વાહનોને ઉભા રાખવા નહીં.

(૧) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કોર્પોરેશન ચોક સુધીનો ઢેબરભાઈ રોડ.

(૨) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ સુધીનો ઢેબરભાઈરોડ.

(૩) સેન્ટ્રલ બસ સ્ટેશનથી લોધાવાડ ચોક.

(૪) સેન્ટ્રલ બસ સ્ટેશનની પાછળ આવેલ કરણપરા શેરી નં.૨૮,૨૯,૩૭,૩૮ તથા કરણપરા ચોક.

(૫) સેન્ટ્રલ બસ સ્ટેશન પાછળ અલંકાર ગેસ્ટ હાઉસથી કેનાલ રોડ સુધીનો કનક રોડ.

'નો પાર્કીંગ' ઝોનનો આ પ્રતિબંધ નીચે પ્રમાણેનાં વાહનોને લાગુ પડશે નહીં.

(૧) સરકારી વાહનો તેમજ પબ્લિકની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતાં વાહનો.

(૨) એસ.ટી. સ્ટેન્ડની બહાર ઢેબરભાઈ રોડ પર કાયદેસર મંજુર કરવામાં આવેલ ટેક્ષી સ્ટેન્ડ તથા રીક્ષા સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી ટેક્ષીઓ અને રીક્ષાઓ.

ક્રમાંક ૮૩૫
તારીખ ૬-૭-૯૦
પોલીસ ઈન્સ્પે. કચેરી

..૨.

(૩) એસ.ટી. સ્ટેન્ડની પાછળના ભાગે કનકરોડ પર કાયદેસર મંજુર કરવામાં આવેલ ટેક્ષી સ્ટેન્ડ તથા રીક્ષા સ્ટેન્ડ પર ઊભી રહેતી ટેક્ષીઓ અને રીક્ષાઓ.

આ હુકમનો ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-... મુજબ પગલાં લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા:૧૦-૭-૯૦ થી કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજરોજ તા:૫-૭-૯૦ ના રોજ મારી સહી તથા સીક્કા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

COMMISSIONER OF POLICE RAJKOT CITY

(સહી)
(કે. ચક્રવતી)
પોલીસ કમીશનર,
રાજકોટશહેર.

નકલ જરૂરાત સાથ રવાના :-

૧) ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ.શ્રી, રાજકોટ.
૨) કમીશનરશ્રી, રાજકોટ મહાનગર પાલીકા રાજકોટ.
૩) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., રાજકોટ.
૪) સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટ શહેર (પાંચ નકલ સાથે). આ જાહેરનામાની પ્રસિધ્ધી સમાચાર તરીકે સ્થાનિક વર્તમાનપત્રોમાં છપાવવા સારૂ.
૫) એસ.પી.શ્રી, રાજકોટ શહેર, રાજકોટ.
૬) મેનેજરશ્રી સરકારી છાપખાના અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ તરફ. એકસ્ટ્રા ઓર્ડીનરી તરીકે ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યે એક નકલ સ્ટોરીની કચેરીને મોકલી આપવા વિનંતી.
૭) સબ-ડીવીઝનલ મેજી.શ્રી રાજકોટ.
૮) ચીફ.મેજી.શ્રી, રાજકોટ.
૯) પોલીસ ઇન્સ.શ્રી, તમામ, રાજકોટ શહેર, રાજકોટXX બહોળી પ્રસિધ્ધી અર્થે (પાંચ નકલ સાથે).
૧૦) ઇન્ચાર્જ કન્ટ્રોલ રૂમ, રાજકોટ શહેર પ્રસિધ્ધી અર્થે (પાંચ નકલ).

નં.એલબી-૨/૬૪૯૮/૨૦૦૮
પોલીસ કમિશ્નર કચેરી,
રાજકોટ શહેર, તા.૨૦-૧૧-૦૮.

હુકમઃ-

વિષયઃ- લગ્ન પ્રસંગે અને મરણ પ્રસંગે જતા વાહનો કે બસોને ભારેવાહનના અને લકઝરી બસોને પ્રવેશબંધના જાહેરનામામાંથી મુકિત આપવા અંગે.

સંદર્ભઃ- (૧) ભારે વાહનના પ્રવેશબંધી અંગેના જાહેરનામા નં.રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાહેરનામું/૨૧૮/૦૭ તા. ૩૧-૧-૦૭.
(૨)પ્રાઈવેટ લકઝરી બસો (હેવી પેસેન્જર વ્હિકલ બસ)ની શહેરમા પ્રવેશબંધી અંગેના જાહેરનામા નં. રાજ/સીપી/એલબી-૨/ટ્રાફિક/લ.બસજાહેરનામું/૨૦૨૪ તા. ૨૫-૪-૦૮.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભના વંચાણમાં લીધેલ જાહેરનામામાં નીચે મુજબનો સુધારો કરવા આવે છે.

લગ્ન પ્રસંગ માટે જાનની બસ અને મરણ પ્રસંગ દરમ્યાન ભારે વાહનોને અને બસોને ભારે વાહનના જાહેરનામા અને પ્રાઈવેટ લકઝરી બસના પ્રતિબંધના જાહેરનામામાંથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી શહેર વિસ્તારમાં અવરજવર કરવા માટે સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે છે.

આ મુકિત ભવિષ્યમાં સંજોગોવશાત જરુર પડશે ત્યારે પાછી ખેંચવાની શરતે આપવામાં આવે છે.

સત્ય પ્રત નકલ
ટ્રાફીક શાખા - રાજકોટ શહેર
જાવક નં. ૩૯૩૪
તારીખ - ૨૧ ૧૧ ૦૮

(સુધીર સિન્હા)
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.
21.11.08

પ્રતિ,
શ્રી મદદનીશ પોલીસ કમિશ્નર, પૂર્વ વિભાગ/પશ્ચિમ વિભાગ/ક્રાઈમ/એસ.સી.એસ.ટી. રાજકોટ.
શ્રી પોલીસ ઈન્સપેક્ટર,
બી.ડીવી.પો.સ્ટે./ભકિતનગર પો.સ્ટે./માલવીયાનગર પો.સ્ટે./પ્ર.નગર પો.સ્ટે./ગાંધીગ્રામ પો.સ્ટે./રાજકોટ તાલુકા પો.સ્ટે./ કુવાડવારોડ પો.સ્ટે./ટ્રાફીક/ ડી.સી.બી./પી.સી.બી./એસ.એસ.સ્કવોડ/ખાસ શાખા/હેડ કવાટર/વાયરલેસ/લાયસન્સ/.
શ્રી સીની. પોલીસ સબ ઈન્સપેક્ટર, એ. ડીવી.પો.સ્ટે./થોરાળા પો.સ્ટે./ માઉન્ટેડ/બેન્ડ./કોમ્પ્યુટર સેલ ઈ.ચા. એમ.ઓ.બી./સીગલ ડીઝીટ./
શ્રી કન્ટ્રોલ ઈન્ચાર્જ,
કન્ટ્રોલ રુમ, રાજકોટ. આ હુકમનો મેસેજ ગ્રુપ વાયરલેસ મેસેજથી દરેક પો.સ્ટે. બ્રાન્ચને આપવા જરુરી કાર્યવાહી કરવી.
નકલ જયભારત સાથ રવાનાઃ- જાણ અર્થે.
નાયબ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.

ट्रैफिक २११०८

ક્રમાંકઃ રાજ/સીપી/એલબી–૨/ટ્રાફિક/લ.બસ જાહેરનામું/૭૦૨૬/૨૦૦૮.

પોલીસ કમિશ્નરની કચેરી
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૫/૪/૨૦૦૮.

વંચાણે લીધાઃ– અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલ.બી–૨/ટ્રાફીક/જાહેરનામું/૧૨૭૬/૦૮ તા. ૩૧/૩/૦૮

જાહેરનામુંઃ–

રાજકોટ શહેરમાં વધતા જતાં ટ્રાફીકનાં કારણે જાહેરમાર્ગોમાં ટ્રાફીકની ગીચતા થાય છે. અને શહેરમાં વધતી જતી ભારેવાહનોની અવર–જવરથી શહેરના રસ્તાઓ સાંકડા પડે છે અને રસ્તાઓ ઉપર ટ્રાફીક અડચણરૂપ થાય છે. તેમજ હાલ રાજકોટ શહેરની વસ્તીમાં ઘણો વધારો થયેલ છે. સાથોસાથ નાના–મોટા વાહનોની સંખ્યામાં પણ ખુબજ વધારો થયેલ છે. અને ભવિષ્યમાં ખુબજ ઝડપથી વધુ વાહનોનો ઉમેરો થાય તેવી શકયતા છે. જેથી ટ્રાફીક વ્યવસ્થામાં હાલમાં ઘણી બધી મુશ્કેલીઓ પડે છે. અને ગંભીર અકસ્માતો થાય છે. તેમજ લકઝરી બસોનાં કારણે પ્રદુષણની સમસ્યા તેમજ શહેરમાં ટ્રાફીક સમસ્યા ઉભી થાય છે અને ભવિષ્યમાં આ સમસ્યાઓ ગંભીરરૂપ ધારણ કરે તેમ છે. જેથી હાલની પરસ્થિતીને ધ્યાનમાં લઈ ટ્રાફીક સુચારૂ અને સલામત રીતે ચાલે તે હેતુસર રાજકોટ શહેરમાં મોટી પ્રાઈવેટ લકઝરી બસો ( એચ.પી.વી. હેવી પેસન્જર વ્હીકલ ) ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત જણાય છે. જેથી તા.૩૧/૩/૦૮ ના રોજ જાહેરનામું બહાર પાડી દિન–૧૫ માં વાંધા સુચનો મંગાવેલ જે આવતા અભ્યાસ કરતા તેમજ તમામ વર્તમાનપત્રો વારંવાર પ્રવેશબંધીની તરફેણમાં અભિપ્રાય આપેલ હોય અને પ્રવેશબંધીની તરફેણમાં મહાનગરપાલીકાનો અભિપ્રાય તેમના કમિશ્નરશ્રીના ક્રમાંકઃઆર.એમ.સી/સી/૮૬ તા.૧૭/૪/૦૮ થી આવતા નીચે જણાવ્યા મુજબની વિગતે સવારના ક. ૮–૦૦ થી રાત્રીના ક.૮–૦૦ સુધી સમગ્ર રાજકોટ મહાનગરપાલીકા વિસ્તારમાં પ્રવેશબંધી જાહેર કરવાના કાયમી નિર્ણય ઉપર આવેલ છું.

તા.૨૫/૪/૦૮ ના રોજ આ અંગે ટ્રાવેલ્સ સંચાલકોએ મીટીંગમાં રજુઆત કરેલ કે મે માસમાં વેકેશન હોય લગ્નગાળાની સીઝન હોય તેમજ સ્કુલો બંધ હોય જેથી પ્રવેશબંધી મુકવી હોય તો જુન માસથી મુકવી તે માંગણી સાથે પણ હું સંમત થાઉ છું.

હુકમઃ

સબબ હું સુધીર સિન્હા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મુંબઈ પોલીસ અધિનિયમ સને–૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત વિગતે રાજકોટ શહેર મહાનગરપાલીકા વિસ્તારમાં પ્રાઈવેટ લકઝરી બસો ( હેવી પેસેન્જર વ્હીકલ બસ ) ની અવર જવર કરવા ઉપર તા.૧/૬/૦૮ થી સવારના કલાક ૮:૦૦ થી સાંજના કલાક ૮:૦૦ સુધી પ્રવેશબંધી જાહેર કરૂ છું.

અપવાદઃ

<u>નીચેના વિસ્તારમાં પ્રવેશબંધીમાંથી મુકિત રહેશે.</u>

(૧) ૧૫૦ ફુટ રીંગ રોડ માધાપર બાયપાસથી ગોંડલ બાયપાસ ચોકડી સુધી

(૨) કુવાડવા જુના જકાત નાકાથી ચીનલેન્ડ ચોકડી, મોરબી જુના જકાતનાકા થી ચીનલેન્ડ ચોકડી તેમજ ગોંડલ બાયપાસ રોડ થી ચીનલેન્ડ ચોકડી સુધી

આ જાહેરનામું એસ.ટી. બસ તથા સીટી બસ તથા ફરજ પરની પોલીસની બસો સરકારી અને અર્ધસરકારી બસો, કોર્પોરેશનની માલીકીની બસો તથા શૈક્ષણીક અને સ્વાસ્થય સંસ્થાની માલીકીની બસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. ૧૮૮ અનુસાર બીન જામીનલાયક ગુન્હા માટે કામ ચલાવવામાં આવશે.

આજ રોજ તા. ૨૫ /૪/૨૦૦૮ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

( સુધીર સિન્હા )
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

નકલ જયભારત સાથ રવાના:–

૧. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગર
૨. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૩. જીલ્લા મેજી.શ્રી અને કલેકટર રાજકોટ.
૪. કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૫. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૬. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૭. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૮. જયુ.ફ.ક.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૯. સબ.ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૧૦. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
૧૧. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.
૧૨. સંયુક્ત માહિતી નિયામકશ્રી, રાજકોટ ( ૧૦ નકલમાં )
    ૨/– આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારુ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા માટે.
૧૩. માહિતી નિયામકશ્રી, સચિવાલય ગાંધીનગર
    ૨/– જાણ સારૂ તેમજ દૈનિક પત્રોમા પ્રસિધ્ધી કરાવવા સારૂ.
૧૪. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.
    ૨/– આ જાહેરનામું ગેઝેટમાં પસિધ્ધ કરવા સારૂં.

નકલ રવાના:–

૧. પો.ઈન્સ.શ્રી, બી. ડીવી. / ભ.નગર / મા.નગર / રા.તા. / પ્ર.નગર / ગાંધીગ્રામ,
૨. સીની.પો.સ.ઈન્સ. શ્રી એ.ડીવી.પો.સ્ટે. રાજકોટ શહેર.
૩. પો.ઈન્સ.શ્રી, ટ્રાફીકશાખા, રાજકોટ શહેર. ( ૧૦ નકલમાં )
    ૨/– ટ્રાફિક બ્રાન્ચના તમામ પો.સ.ઈ,હે.કો.,પો.કોન્સ. ને ઝેરોક્ષ નકલ સુપ્રત કરીને તમામની મેળવવી. તેમજ તમામ ટ્રાવેલ્સના સંચાલકો ને નકલ આપી બીજી નકલ ઉપર સહી લઈ રે રાખવી.
૪. ઈન્ચાર્જશ્રી, પોલીસ કંટ્રોલ રૂમ, રાજકોટ શહેર. ( ૧૫ નકલમાં )
    ૨/– વર્તમાન પત્રમાં પ્રસિધ્ધી આપવા સારૂં.

પોલીસ ઇન્સ્પેક્ટર
ટ્રાફીક શાખા—રાજકોટ શહેર
આવક નં ...
તારીખ ...

ક્રમાંક:રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/૧૭૦/૧૯૯૨

પોલીસ કમિશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ
તા:૩૦/૧/૧૯૯૨

જા_હે_ર_ના_મુ_:-

રાજકોટ શહેરમાં ડો.રાજેન્દ્રપ્રસાદ રોડ ઉપર શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની નવ જેટલી શિક્ષણ સંસ્થાઓ આવેલ છે અને આશરે દસ હજાર વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરે છે.આ રોડને જોડતા સુચક રોડ જે શાસ્ત્રી મેદાનથી શરુ થઈ મોટી ટાંકી તરફ જાય છે. તે રસ્તા ઉપર વિદ્યાર્થીઓના નાના વાહનોની આવક-જાવક વધારે પ્રમાણમાં રહે છે. અને જ્યારે જ્યારે આ રસ્તા ઉપર ભારે વાહનો નીકળે છે ત્યારે ટ્રાફીક જામ થવાના તેમજ વિદ્યાર્થીઓની સલામતી જોખમાતી હોવાના બનાવો બનવા પામે છે. આથી સુચક રોડને ભારે વાહનોની આવક-જાવક માટે પ્રતિબંધીત જાહેર કરવાનુ હીતાવહ જણાતા આ કચેરીના નંબર: રાજ/સીપી/એલબી-૨/૨૧૩૪/૧૯૯૧ તા:૪/૧૧/૯૧ થી વાંધા સુચનો રજુ કરવા જાહેર જનતાની જાણ માટે જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ અંગે સમય-મર્યાદામાં મળેલ વાંધા સુચનો તપાસી નીચે પ્રમાણે આખરી હુકમ કરુ છુ.

સબબ હુ સી.પી.સીંગ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સતાની રુએ રાજકોટ શહેરના સુચક રોડ તરીકે ઓળખાતા આખા રોડને ભારે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધ જાહેર કરુ છું.

-:_અ_પ_વા_દ_:-

વધુમાં આદેશ કરુ છુ કે, આ જાહેરનામુ નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહી.

(૧) ફાયર ફાઈટર.

(૨) એમ્બ્યુલન્સ અને તેના જેવાં અન્ય વાહનો કે જે વાહનો જાહેર જનતાની સુવીધા અને જાનમાલના રક્ષણ અર્થે ચલાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનારની સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ માં નિર્દેશ આપ્યા મુજબ કામ ચલાવી શકાશે અને તેમાં જણાવ્યા પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા:૧/૨/૧૯૯૨ થી કરવા આદેશ કરાવવામાં આવે છે.

આજરોજ તા:૨૮/૧/૧૯૯૨ ના રોજમારી સહી તથા કચેરીના સીકકા કરી બહાર પાડવામાં આવ્યુ છે.

( સી.પી.સીંગ )
પોલીસ કમિશ્નર

નકલ જયભારત સાથ રવાના:-

૧) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી, રાજકોટ.
૨) કમિશ્નર શ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ.
૩) સંયુકત માહીતી નિયામક શ્રી,રાજકોટ શહેર(પાંચ નકલ સાથે) સ્થાનીક વર્તમાનપત્રમાં સમાચાર તરીકે પ્રગટ કરાવવાની કાર્યવાહી સારુ.
૪) વિભાગીય નિયામક શ્રી, એસ.ટી.રાજકોટ.
૫) મેનેજર શ્રી, સરકારી પ્રેસ રાજકોટ શહેર તરફ. આ જાહેરનામાની પ્રસિધ્ધી અસાધારણ ગેઝેટમાં કરી અને ગેઝેટની નકલો અમારી કચેરીની વાચન-ના શાખામાં તાકીદે મોકલવા સારુ.
૬) પોલીસ સુપ્રી.શ્રી, પુર્વ વિભાગ/પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૭) સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી, રાજકોટ શહેર.
૮) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શ્રી, રાજકોટ શહેર.
૯) તમામ પોલીસ ઈન્સ.શ્રી, રાજકોટ શહેર. આ જાહેર નામાની બહોળી પ્રસિધ્ધી અર્થે વધારાની પાંચ નકલો સાથે.

ક્રમાંક ૨૦૦
તારીખ ૩૦.૧.૯૨
પોલીસ ઈન્સ., કચેરી